ગુજરાત સરકારના કામકાજના નિયમો-૧૯૯૦ ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડેલ સરકારી કામકાજ સંબંધે સૂચનાઓ પ્રમાણે અધિકારી ઓને સત્તા સોંપણી

ગુજરાત સરકાર

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

હુકમ ક્રમાંક:મકમ/૧૩-૨૦૧૩/૬૩/ઇ

સચિવાલય,ગાંધીનગર

તા.૦૬/૦૮/૨૦૧૮

**હુકમ**:

ગુજરાત સરકારના કામકાજના નિયમો-૧૯૯૦ ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલી સરકારી કામકાજને લગતી સૂચનાઓ પૈકી સૂચના નં.૪ (૧) (ક) અનુસાર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને ફાળવવામાં આવેલ વિષયોની યાદીમાંના વિષયો, **હું સૌરભ પટેલ, મંત્રીશ્રી, ઊર્જા** વિભાગની સબંધિત બાબતોના વિભાગને ફાળવેલ વિષયો સંબંધમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી કરેલ રજુઆતોનો રાહ હેઠળ તથા નાણા વિભાગે નક્કી કરેલ નાણાકીય સત્તા સોંપણીના હુકમો મુજબ અને તે સિવાયના કેસો આ હુકમ સાથે જોડેલા પરિશિષ્ટ ૧,૨,૩,અને ૪ માં દર્શાવ્યા પ્રમાણેના સ્તરે નિકાલ કરવાનો આદેશ કરૂ છું.

સૌરભ પટેલ
મંત્રી
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ:

- માન.રાજયપાલશ્રીની અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સ્વર્ણિમ સંકુલ-૧/૨, સચિવાલય,ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક ન.૧,/૫, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,સેકટર-૧૦/બી,ગાંધીનગર (પત્ર દ્વારા)
- રજીસ્ટારશ્રી,ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ (પત્ર દ્વારા)
- સામાન્ય વહીવટ વિભાગ (કે.યુ) શાખા,સચિવાલય,ગાંધીનગર( વધારાની પાંચ નકલ)
- સચિવાલયના સર્વે વિભાગો.
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળના ખાતાના વડાઓ.
- વિભાગના સર્વે અધિકારીશ્રી/સર્વે શાખાઓ,ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી,વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી.
- સિલેક્ટ ફાઇલ-૨૦૧૮

( મહેશ પટેલ )
સંયુક્ત સચિવ,
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

ગુજરાત સરકાર

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,

સચિવાલય,ગાંધીનગર

ગુજરાત સરકારના કામકાજના નિયમો-૧૯૯૦ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડેલ

સરકારી કામકાજ સબંધે સૂચનાઓ પ્રમાણે

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના

અધિકારીઓને સત્તા સોંપણી

(૨૦૧૮)

(ભારતના સંવિધાનની કલમ-૧૬૬ હેઠળ ઘડેલા)

## પરિશિષ્ટ-૧

## માનનીય મંત્રીશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો.

| | |
|---|---|
| ૧ | ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ-૧૯૫૮ તથા તે હેઠળ ઘડાયેલ નિયમોને લગતી નીતિ વિષયક બાબતો. |
| ૨ | ગુજરાત રોપ વે અધિનિયમ-૧૯૫૫ તથા તે હેઠળ ઘડાયેલ નિયમોને લગતી નીતિ વિષયક બાબતો. |
| ૩ | ગુજરાત લીફ્ટ એન્ડ અસ્કેલેટર્સ અધિનિયમ-૨૦૦૦ તથા તે હેઠળ ઘડાયેલ નિયમોને લગતી નીતિ વિષયક બાબતો. |
| ૪ | ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ તથા તે હેઠળ ઘડાયેલ નિયમોને લગતી નીતિ વિષયક બાબતો. |
| ૫ | ગુજરાત સિનેમા નિયમો, ૧૯૫૪ (આંશિક રીતે) (નવા સિનેમાઓની પ્રારંભિક અને ચાલુ સિનેમાઓની સામાયિક તપાસણીની કામગીરીને લગતી નીતિ વિષયક બાબતો. |
| ૬ | બ્યુરો ઓફ ઇન્ડીયન સ્ટાન્ડર્ડ એક્ટ, ૧૯૮૬ હેઠળ ભારત સરકાર દ્વારા બહાર પડાયેલ ઇલેક્ટ્રીકલ વાયર્સ, કેબલ્સ, એપ્લાયન્સ એન્ડ પ્રોટેકશન ડીવાઇસીસ એન્ડ એસેસરીઝ હુકમ-૨૦૦૩ ના હુકમ. |
| ૭ | વૈધાનિક ઉર્જા ઓડીટ માટે ઘડાયેલ ગુજરાત યુઝ ઓફ ઇલેક્ટ્રીકલ એનર્જી (રેગ્યુલેશન) ઓર્ડર-૧૯૯૯. |
| ૮ | બિન પરંપરાગત એટલે કે પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્ત્રોત ને લગતી તમામ બાબતો જેવી કે,<br>(૧) સોલાર પાવર પોલીસી (૨) વીન્ડ પાવર પોલીસી (૩) ટાઇડલ પાવર પોલીસી અને (૪) બાયોમાસ પાવર પોલીસી (૫) સ્મોલ/મીની/માઈક્રો હાઇડલ પાવર પોલીસી (૬) વેસ્ટ ટુ એનર્જી પોલીસી |
| ૯ | પરંપરાગત ઉર્જા સ્ત્રોતને લગતા પાવર પ્રોજેકટસ |
| ૧૦ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓ અંગે આયોગની સલાહનો અસ્વીકાર. |
| ૧૧ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓની ૫૦-૫૫ વર્ષે સમીક્ષા, અપરિપકવ નિવૃત્તિ-ચાલુ રાખવાના કેસો. |
| ૧૨ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓની પુનઃ નિયુક્તિ-સેવા વૃધ્ધિ-કરારના ધોરણે નિમણૂંક. |
| ૧૩ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના રૂા. ૧૩૧૧૦૦-૨૧૬૬૦૦-પે મેટ્રીકસ-૧૩-એ,નીચેના પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓની ખાતાકીય તપાસ ચાલુ ના હોય કે સરકારી લેણું બાકી ના હોય તેવા કેસોમાં સ્વૈચ્છિક નિવૃત્તિ. |
| ૧૪ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના પગાર ધોરણ રૂા. ૧૩૧૧૦૦-૨૧૬૬૦૦ પે મેટ્રીકસ-૧૩-એ, થી નીચેના પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓનું રાજીનામું. |

| | |
|---|---|
| ૧૫ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓની પ્રતિનિયુકિતની બાબતો. |
| ૧૬ | તકેદારી આયોગની ભલામણ કે તે સિવાય વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના રૂા.૧૩૧૧૦૦-૨૧૬૬૦૦ પે મેટ્રીકસ-૧૩-એ, થી નીચેના પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓના કેસોમાં (૧) તકેદારી આયોગની ભલામણ અન્વયે કે તે સિવાય (ક) નાની કે મોટી શિક્ષા માટે ખાતાકીય તપાસ (નિવૃત્ત અધિકારી સહિત) શરૂ કરવાનો નિર્ણય (૧) જયારે દરખાસ્ત અંગે વહીવટી વિભાગ/સામાન્ય વહીવટ વિભાગ સંબંધિત મંત્રીશ્રીના અભિપ્રાયમાં કોઇપણ ભિન્નતા ન હોય ત્યારે માન.મંત્રીશ્રીને કેસ રજુ કરવાનો રહેશે. (ખ) ફોજદારી કાર્યવાહી કરવા અંગેના નિર્ણય અંગેના કેસો (૧) જયારે દરખાસ્ત અંગે વહીવટી વિભાગ/સામાન્ય વહીવટ વિભાગ સંબંધિત મંત્રીશ્રીના અભિપ્રાયમાં કોઇપણ ભિન્નતા ન હોય ત્યારે માન.મંત્રીશ્રીને કેસ રજુ કરવાનો રહેશે. |
| ૧૭ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓની ૫૦-૫૫ વર્ષે સમીક્ષા સમિતિની ભલામણ અન્વયે સેવા ચાલુ રાખવાના કેસો (જયારે કર્મચારીની ખાતાકીય તપાસ, ફોજદારી કેસ ચાલુ ન હોય કે તેના ખાનગી અહેવાલમાં વિરૂધ્ધ નોંધ ન હોય) |

## પરિશિષ્ટ-૨

## અધિક મુખ્યસચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો

| | |
|---|---|
| ૧ | વિભાગ તેમજ વિભાગના નિયંત્રણ હેઠળના વર્ગ-૧ ના અધિકારીઓની પ્રાપ્ત રજા, રજા પ્રવાસ રાહત,ચાર્જ-ચાર્જ એલાઉન્સ, વાહન પેશગી અન્ય પેશગીઓ, ભવિષ્યનીધિમાંથી પેશગી અને ઉપાડ, પેન્શન, ગ્રેજ્યુઇટી વગેરે મંજુર કરવા બાબત તથા તેમને લગતી સર્વે મહેકમની બાબતો વિભાગના વર્ગ-૨ અને વર્ગ-૩ ના કર્મચારીઓને તેમજ ખાતાના વડાના વર્ગ-૧ ના અધિકારીઓને સા.વ.વિભાગ/નાણા વિભાગના હુકમો મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત. |
| ૨ | વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓ રાજ્ય સેવા કમિશનની ભલામણથી સીધી ભરતીથી પસંદગી પામેલ અથવા અન્ય પસંદગી સમિતિઓ અથવા સરકારે નીમેલ બોર્ડ દ્વારા વર્ગ-૨ ના (રાજયપત્રિત) અધિકારીઓની નિમણૂંક. |
| ૩ | વિભાગના નિયંત્રણ હેઠળના વર્ગ-૨ ના અધિકારીઓને શિસ્ત ભંગના પગલાં, શિક્ષાને લગતા હુકમો કરવા બાબત, સામાન્ય વહીવટ વિભાગના હુકમને આધિન રહીને નોકરીમાં પાછા લેવાની દરખાસ્તો, બદલી, બઢતી અને દેશની અંદરની લાંબાગાળાની તાલીમની દરખાસ્તો. |
| ૪ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૨ ના અધિકારીના સંબંધમા ૫૦ થી ૫૫ વર્ષે સમીક્ષા, અપરીપકવ નિવૃત્તિ, ચાલુ રાખવાના કેસો, શિસ્તભંગના પગલાં લેવા, રાજીનામું, નિવૃત્તિ અથવા નોકરીમાં ચાલુ રાખવા બાબત તથા ખાનગી અહેવાલ વિરૂધ્ધ નોંધ સામેની રજુઆતો. |
| ૫ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૨ ના અધિકારીઓની બદલી |
| ૬ | વર્ગ-૧ અને વર્ગ-૨ ના રાજયપત્રીત અધિકારીઓની નોકરીમાં થયેલ તૂટ જોડવા બાબત. |
| ૭ | વિભાગ અને વિભાગના નિયંત્રણ હેઠળના અધિકારીઓ, કર્મચારીઓને પાસપોર્ટ અને વીઝા મેળવવા માટેના <u>ના વાંધા પ્રમાણપત્ર</u> (એન.ઓ.સી.) આપવા બાબત. |
| ૮ | વિભાગના અધિકારીઓને તથા ખાતાના વડાઓને નાણા વિભાગનાં આદેશો અનુસાર હવાઇ પ્રવાસની મંજુરી આપવા બાબત. |
| ૯ | સંયુકત સચિવ, નાયબ સચિવ તથા ઉપસચિવના વતન જાહેર કરવાના કેસો. |
| ૧૦ | અધિકારીઓ તથા શાખાઓને કામની વહેંચણી કરવા બાબત. |
| ૧૧ | વિભાગના અધિકારીઓને રહેઠાણના ટેલિફોન મંજુર કરવા બાબત. |
| ૧૨ | અનામી અને બીજાઓના નામે કરેલ અરજીઓની તપાસ અધિકારીઓને સોંપવા બાબત. |
| ૧૩ | સરકારી વાહનો તથા સામગ્રીના માંડવાળ (રાઇટ ઓફ) કરવા બાબત. |
| ૧૪ | ઉપાડ અને ચુકવણી અધિકારીઓ જાહેર કરવા બાબત. |
| ૧૫ | જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસોની સમિતિ, ગૌણ વિધાન સમિતિ, અંદાજ સમિતિ, ખાતરી સમિતિ, એ.જી. તરફથી આવતા ડ્રાફટ પારા વગેરેને લગતી બાબતો જેમાં સરકારે આપેલ ખાતરી અંગે ઉત્તરના મુદ્દા. |
| ૧૬ | વિધાનભસાના પ્રશ્નો સચિવાલયના બીજા વિભાગને તબદીલ કરવા |

| | |
|---|---|
| ૧૭ | કચેરીના કામકાજના સમય સિવાયના સમય દરમ્યાન અભ્યાસ કરવા અંગેની મંજૂરી બાબત. |
| ૧૮ | બદલીની તારીખથી એક વર્ષ સુધી બદલીના સ્થળે જવા, બદલી થયેલા સરકારી કર્મચારીના કુટુંબ માટે ઠરાવોની સમય મર્યાદામાં છુટછાટ આપવા બાબત. |
| ૧૯ | વર્ગ-૧ ના અધિકારીઓને સામાન્ય ભવિષ્યનીધિમાંથી પેશગી, મોટર સાયકલ પેશગી, મકાન બાંધકામ પેશગી વગેરે મંજુર કરવા બાબત. |
| ૨૦ | કુટુંબ નિયોજન માટે પ્રોત્સાહનરૂપે ઇજાફો મંજુર કરવા બાબત. |
| ૨૧ | નોકરી દરમિયાન મૃત્યુ પામનાર કર્મચારીના કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂંક કરવા બાબત. |
| ૨૨ | સરકારી કર્મચારીઓની વસુલાત માંડવાળ. |
| ૨૩ | અંદાજપત્ર |
| ૨૪ | બચત સુપરત કરવા સંબંધી હુકમ. |
| ૨૫ | ફંડનો પુનર્વિનિયોગ |
| ૨૬ | પૂરક માંગણીઓ |
| ૨૭ | પ્રકીર્ણ આવર્તક ખર્ચ મંજૂર કરવા બાબત. |
| ૨૮ | નવી કચેરીઓ તથા વિદ્યમાન કચેરીઓના વિસ્તારણમાટ રાચરચીલાની ખરીદી મંજૂર કરવા બાબત. |
| ૨૯ | દરેક કિસ્સામાં તેના પોતાના ખાતામાં અથવા તાબાની કચેરીઓમાં સ્ટોર્સની વસુલ ન થઇ શક તેવી કિંમત, જાહેર નાણા વિગેરે માંડવાળ કરવા બાબત. |
| 30 | ખાતાએ તથા તાબાની કચેરીઓને રાખેલ હોય તેવા તમામ મકાનોમાં નાણાકીય વર્ષમાં રૂા. ૨૫૦૦ સુધીની મકાન માલિક પાસેથી ચાર્જ વસુલ કરવામાં આવ્યો ન હોય ત્યારે પોતાના ખાતાએ અથવા તાબાની કચેરીઓએ રાખેલ ભાડાના અને સંપાદિત કરેલા મકાનોની મરામત અને ફેરફાર મંજુર કરવા બાબત. |
| 3૧ | કાયમી પેશગી મંજુર કરવા બાબત |
| 3૨ | સચિવાયલના વિભાગમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના સંબંધમાં મોટી/નાની શિક્ષા કરવા અથવા આવા બીજા પગલાં બાબત. |
| 33 | વિભાગના અધિકારીઓ તરફથી કાયદાકીય બાબતોના અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થાય તો કાયદા વિભાગ સાથે પરામર્શ. |
| 3૪ | વિભાગ અને વિભાગ હેઠળની કચેરીઓ માટેની નવી સ્ટાફ કાર, વાહનોની ખરીદીની નાણા વિભાગની મંજૂરી માટેની દરખાસ્તો. |
| 3૫ | વિભાગ હેઠળના નિગમોના વાર્ષિક આયોજન જોગવાઇ. |
| 3૬ | ભારત સરકારને મંજુરી માટે મોકલવાની થતી કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ બાબત. |
| 3૭ | નિયંત્રણ હેઠળના તમામ બોર્ડ, નિગમો માટે બજેટ, સીએજી પારા, ઓડીટ પારા, સંસદ સભ્યશ્રી/ધારાસભ્યશ્રી સંદર્ભો. |
| 3૮ | નિયંત્રણ હેઠળના ખાતાના વડા અને કચેરીઓના વડાની કચેરીઓના નિરીક્ષણ કાર્યક્રમ નક્કી કરવા અંગે. |
| 3૯ | કુદરતી આપત્તિની નીતિ વિષયક સિવાયની બાબતો. |

| | |
|---|---|
| ૪૦ | વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમા પગાર મેળવતા અધિકારીઓને કાયમી કરવા બાબત. |
| ૪૧ | બોમ્બે ઇલે. ડયુટી એકટની નીચેની વિભાગમાં આવતી અપીલો સાંભળી નિર્ણયાર્થે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી / સચિવશ્રીને રજૂ કરવાની દરખાસ્તો. |
| ૪૨ | નવા ઔદ્યોગિક એકમોને ચાર અઠવાડિયાથી વધુ નહિ તેટલા સમય માટે ઉદ્યોગોને અજમાયશી રીતે ચલાવવા અને નવી યંત્ર સામગ્રી સાથે લોડ કનેકટેડ કક્ષા સુધી વિદ્યમાન ઔદ્યોગિક એકમોની મંજુરી બાબત. |
| ૪૩ | પીઇએલ/પીએમએલના લીઝ ડીડ અંગેની કામગીરી. |
| ૪૪ | ૫૦ કિ.વો. થી વધુ હંગામી જોડાણો. |
| ૪૫ | ભારતીય વીજ અધિનિયમ, ૧૯૧૦ ની કલમ-૨૭ હેઠળ પુરવઠાના વિસ્તારની બહારના ગ્રાહકોને વીજ પુરવઠો પૂરો પાડવાની મંજુરી આપવા. |
| ૪૬ | ઇલેકટ્રીક ડયુટીના એરીયર્સની રીકવરીમાં હપ્તા માટે અને વીજળીના વેચાણ પરના કર માટેની પરવાનગી. |
| ૪૭ | ગ્રીન કાર્ડ હોલ્ડર્સ, નિકાસલક્ષી એકમોને વીજ નિયંત્રણમાંથી મુકિત આપવી. |
| ૪૮ | અન્ય નિકાસલક્ષી એકમોને પાવર કટમાંથી રાહત મુકિત આપવી. |
| ૪૯ | લોડ કન્ટ્રોલ ઓર્ડરના ઉલ્લંઘનના કારણે ડિસકનેકટ કરાયેલ ઔદ્યોગિક એકમોનો વીજળીના પુનઃ જોડાણ માટે પરવાનગી આપવી. |
| ૫૦ | અગાઉથી જાહેર કરવામાં આવેલ સતત પ્રક્રિયાવાળા ઉદ્યોગોના લાભ વિસ્તૃત કરવા. |
| ૫૧ | વીજ અધિનિયમ-૧૯૧૦ અને ધી બોમ્બે ઇલે.ડયુટી (એમેન્ટમેન્ટ) એકટ-૧૯૫૮ નીચેની અપીલોની સુનાવણી બાબત. |
| ૫૨ | વર્ષમાં બે વાર સુધી ઉદ્યોગોને અઠવાડિક રજામાં ફેરબદલીથી મંજુરી આપવા. |

## પરિશિષ્ટ-૩

### અધિક સચિવશ્રી/સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો.

| | |
|---|---|
| ૧ | વિભાગના નિયંત્રણ હેઠળના બિન રાજયપત્રિત કર્મચારીઓના પેન્શન કેસો તેમજ સામાન્ય નિયમોની અવગણના થતી ન હોય તો વિભાગના રાજયપત્રીત અધિકારીઓના પેન્શન મંજુર કરવા બાબત. |
| ૨ | વિભાગ તેમજ વિભાગના નિયંત્રણ હેઠળના વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓની પ્રાપ્ત રજા, રજા પ્રવાસ રાહત, ચાર્જ-ચાર્જ એલાઉન્સ, વાહન પેશગી અન્ય પેશગીઓ, ભવિષ્ય નીધિમાંથી પેશગી અને ઉપાડ, પેન્શન, ગ્રેજયુઇટી વગેરે મંજુર કરવા બાબત તથા તેમને લગતી સર્વે મહેકમની બાબતો. |
| 3 | વિભાગના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને ખાસ કિસ્સામાં જનરલ પ્રો.ફંડમાંથી પેશગી એડવાન્સ તથા અન્ય તહેવારો પર ફેસ્ટીવલ એડવાન્સ મંજુર કરવાની દરખાસ્તો. |
| ૪ | સરકારી કામકાજ માટે મળેલ મિટીંગમાં આપવામાં આવતા ચા, કોફી, નાસ્તાના ખર્ચની મંજુરી. |
| ૫ | વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની અન્યત્ર નોકરી માટેની અરજીઓ મોકલવા બાબત. |
| ૬ | જૂથ વીમા યોજનાની નાણાની ચૂકવણી કરવા બાબત. |
| ૭ | રૂા. ૫૦૦૦ સુધીની કિંમતના ડેડસ્ટોક ઉપયોગમાં ન લઇ શકાય તેવી વસ્તુઓના વેચાણથી અથવા અન્ય રીતે નિકાલ કરવા બાબત. |
| ૮ | ઓડીટ વાંધાઓ અને હિસાબો મેળવવા વગેરે. |
| ૯ | ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને વર્તણૂક) ના નિયમો હેઠળ સરકારને કરેલ વહીવટી અપીલોની સુનાવણી |
| ૧૦ | વિભાગના વર્ગ-૩ ના કર્મચારીઓની બદલી. |
| ૧૧ | વિભાગના બિન રાજયપત્રિત કર્મચારીઓને પ્રતિનિયુકિત પર મોકલવા બાબત. |
| ૧૨ | તાંત્રિક અને બિન તાંત્રિક અધિકારીઓના ડીમડેટના આધારે પગાર સ્ટેપઅપ કરવા તથા ઇજાફાની તારીખ એડવાન્સ કરવા અંગેના પગાર ફીકસેશનના કેસો બાબત. |
| ૧૩ | વર્ગ-૨ ના અધિકારીઓની અન્યત્ર નોકરી માટેની અરજીઓ મોકલવા બાબત. |
| ૧૪ | વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની કચેરીના વર્ગ-૧ના અધિકારીઓના ખાનગી અહેવાલ જાળવવા બાબત. |
| ૧૫ | વિભાગની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા તેમજ કાયમી જગ્યામાં ફેરવવા બાબત. |
| ૧૬ | જે કેસોનો નિકાલ કરવા ઉપસચિવશ્રી સક્ષમ ન હોય તેવા કેસો અને ખાતાકીય તપાસ અંગેના કેસો. |
| ૧૭ | વિભાગ માટે સ્ટેશનરીની ખરીદી કરવા. |
| ૧૮ | વધારાનો ચાર્જ સંભાળવા માટે ચાર્જ એલાઉન્સ મંજુર કરવા બાબત. |
| ૧૯ | વર્ગ-૨ ના અધિકારીઓ માટે ખાતાકીય પરીક્ષા. |
| ૨૦ | વર્ગ-૩ ના કર્મચારીઓને ૫૫ વર્ષ બાદ નોકરીમાં ચાલુ રાખવાની દરખાસ્તો. |
| ૨૧ | રાજયપત્રીત અધિકારીઓને નોકરી, આવક વગેરે બાબતના પ્રમાણપત્રો આપવા બાબત. |

| | |
|---|---|
| ૨૨ | બિન રાજયપત્રીત કર્મચારીઓના પગાર નક્કી કરવા બાબત. |
| ૨૩ | વાહન, ઝેરોક્ષ મશીન તેમજ રીસોગ્રાફના મશીનના રીપેરીંગ અંગેની કામગીરી. |
| ૨૪ | પ્રવર્તમાન નિયમોને આધિન રહીને ફી અને માનદ વેતન મંજુર કરવા બાબત. |
| ૨૫ | પૂર્વ સેવા તાલીમના પરીક્ષાર્થીઓને વધારાની તક નિયમાનુસાર આપવા બાબત. |
| ૨૬ | આ વિભાગના નિયંત્રણ હેઠળની કચેરીના રાજય સેવા કર્મચારીઓને પંચાયતોમાં ફાળવવા અને પંચાયત સેવાના કર્મચારીઓને રાજય સેવામાં ફાળવવા બાબત. |
| ૨૭ | યોજનાઓ/કેન્દ્ર બંધ થતાં અથવા મહેકમમાં ઘટાડો થતા ફાજલ પડતાં કર્મચારીઓને વૈકલ્પિક જગા પર સમાવવા બાબતની કાર્યવાહી. |
| ૨૮ | દિવાની દાવા/રીટ અરજીઓ અંગે પારાવાઇઝ રિમાર્કસ આપવા અને સોગંદનામાના મુસદ્દા મંજુર કરવા બાબત. |
| ૨૯ | ખાતાકીય/ભાષા વગેરે પરીક્ષામાંથી નિયમો અનુસાર મુકિત આપવા બાબત. |
| ૩૦ | સિવિલ કામ અંગે રૂા. ૧ લાખથી રૂા. ૫ લાખ સુધીના નકશા અંદાજો અને રહેઠાણના રૂા.૧ લાખ સુધીના નકશા અંદાજોને વહીવટી મંજુરી આપવા બાબતની દરખાસ્તો. |
| ૩૧ | મકાનો અને રહેણાક અંગેના રૂા. ૧ લાખ સુધીના નકશા અંદાજોને વહીવટી મંજુરી આપવા બાબતની દરખાસ્તો. |
| ૩૨ | બચત પરત કરવાની દરખાસ્તો. |
| ૩૩ | નાણાંનો પુર્નવિનિયોગની દરખાસ્તો. |
| ૩૪ | નવી કચેરી માટે ફર્નિચરની ખરીદી કરવા અને ચાલુ ઓફિસોના વિતરણ અન્વયે ફર્નિચર ખરીદી બાબત. |
| ૩૫ | તાબાની કચેરીઓ માટે ટેલિફોન મંજુર કરવા બાબત. |
| ૩૬ | તકેદારી આયોગના સંદર્ભો/રૂટિન સિવાયના. |

## પરિશિષ્ટ-૪

## ઉપસચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો.

| | |
|---|---|
| ૧ | ત્રીજા વર્ગના કારકુન સંવર્ગ અને ચોથા વર્ગના કર્મચારીઓને લગતી મહેકમની બધી જ બાબતો જેવી કે વિભાગમાં નિમણૂંક, બદલીઓ, રજા, પેન્શન વગેરે. |
| ૨ | સેવા અને પગારના નિયમોના અર્થઘટન માટે નાણા વિભાગ અને સા.વ.વિભાગને મોકલવાના જરૂરી કેસો. |
| 3 | વિભાગને લગતી મહેકમની અન્ય તમામ બાબતો, જેમાં નાયબ સચિવની મંજુરીની આવશ્યક ન હોય. |
| ૪ | રૂા. ૨૫000 સુધીના મકાન બાંધકામના ખર્ચને વહીવટી મંજુરી આપવાની દરખાસ્ત નાણા વિભાગના વખતો વખતના નિયમોનુસાર |
| ૫ | રૂા. ૫૦૦૦ સુધીના આવર્તક ખર્ચની દરખાસ્તોના કેસો અને રૂા. ૧૦000 સુધીના અનાવર્તક ખર્ચની દરખાસ્તો નાણા વિભાગના વખતો વખતના નિયમોનુસાર. |
| ૬ | વાહન, ટાઇપરાઇટર, કોમ્પ્યુટર, ફર્નિચર વગેરેની નિયમોનુસારની ખરીદી વિગેરેની બાબતો. |
| ૭ | વિભાગના નિયંત્રણ હેઠળની કચેરીઓની અનામત જગ્યાઓ અંગેની માહિતી મોકલવા બાબત. |
| ૮ | વિભાગના શાખા નિરીક્ષણ કાર્યક્રમ, ટેબલ નિરીક્ષણ કાર્યક્રમ બહાર પડવા અને તેનો અમલ કરવા અંગે. |
| ૯ | વિભાગ માટે પુસ્તકોની ખરીદી કરવા બાબત. |
| ૧૦ | મુકરર કરેલ નમૂનાના પત્રકો છપાવવા બાબત. |
| ૧૧ | અંદાજપત્રની દરખાસ્તો/પત્રકો/સુધારેલા અંદાજો અને પુરક માંગણી નાણા વિભાગને મોકલવા બાબત. |
| ૧૨ | બિન રાજયપત્રિત કર્મચારીઓને સામાન્ય નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષાના હિન્દી પરીક્ષાઓ તથા પ્રાદેશિક ભાષાને લગતી પરીક્ષાઓમાં બેસવા દેવાની પરવાનગી આપવા તથા તેની અન્ય બાબતો. |
| ૧૩ | વર્ગ-3 ના પગાર નક્કી કરવા બાબત તેને સંબંધિત લ્હેણી રકમના પગાર અને ભથ્થાની ચૂકવણી બાબત. |
| ૧૪ | મુદતી પત્રકો, અન્ય પરચુરણ બાબતો, લેખન સામગ્રીની વસ્તુઓ અને પત્રકો પુરા પાડવા બાબતના મુદ્રણ અને લેખન સામગ્રીના નિયમ સંગ્રહના અનુક્રમે પરિશિષ્ટ-3 અને ૧૩ માં અધિકારીઓના નામ ઉમેરવાની બાબત અને તાબાની કચેરીઓમાં તેમજ લેખન સામગ્રીની વસ્તુઓ અને ફોર્મ પુરા પાડવા બાબત. |
| ૧૫ | કર્મચારીઓના ઇજાફા મંજુર કરવા બાબત. |
| ૧૬ | સરકારી કર્મચારીઓના ખાનગી અહેવાલ અને તેને આનુષાંગિક બાબતો. |
| ૧૭ | વર્ગ-૪ ના કર્મચારીઓને ધોલાઇ ભથ્થુ, ગરમ કાપડ, સુતરાઉ કાપડ, રેઇનકોટ અને છત્રી તેમજ પોષક પુરા પાડવા બાબત. |
| ૧૮ | વિભાગના બિન રાજયપત્રીત કર્મચારીઓને નોકરી, આવક, ના વાંધા પ્રમાણપત્રો આપવા બાબત. |

| | |
|---|---|
| ૧૯ | વ્યવસ્થા અને કાર્યરીતી તેમજ વહીવટી સુધારણાને લગતી બાબતો. |
| ૨૦ | હિસાબ મેળવણું. |
| ૨૧ | નવેસર નિમણૂંક કરવામાં આવેલ સરકારી કર્મચારીઓની દાકતરી તપાસ અને પૂર્વ ઇતિહાસ તથા ચારિત્ર અંગે ખરાઇ. |
| ૨૨ | વિભાગની સ્ટાફકારની નિભાવણી અને દુરરસ્તી માટે વાર્ષિક રૂા. ૫૦૦૦ થી વધુ નહી તેટલા આવર્તક અને રૂા. ૧૦,૦૦૦ થી વધુ નહી તેટલા અનાવર્તક ખર્ચને લગતી નાણાકીય દરખાસ્તો. |
| ૨૩ | વર્ગ-૩ ની વધારાની જગ્યા સંભાળવા બાબત ચાર્જ એલાઉન્સ મંજુર કરવા અંગે. |